








# બારડોલીમાં 'કવેળા'નો વરસાદ: ખેડૂતો ચિંતિત

**બમરોલીમાં** અડધી રાતે મજૂર બોલાવી ખેડૂતે ડાંગર બચાવવા પ્રયાસ કર્યો

**કામરેજ** તાલુકામાં અસહ્ય ઉકળાટ બાદ વરસાદ

બારડોલી, કડોદ, કામરેજઃ સુરત જિલ્લાના બારડોલી અને આસપાસના વિસ્તારોમાં મધરાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને જોરદાર વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. આ અણધાર્યા વરસાદને કારણે સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી અસહ્ય ગરમીનો સામનો કરી રહેલા લોકોને આખો દિવસ તાપમાનનો પારો નીચે જતાં ગરમીમાંથી મોટી રાહત મળી છે અને લોકોએ હાશકારો અનુભવ્યો છે.

જો કે, આ વરસાદ આફત બનીને પણ આવ્યો છે. સ્થાનિક ખેડૂતો, ખાસ કરીને જેમની ડાંગરની લણણી હજુ બાકી છે, તેમની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. ખેતરોમાં ઊભો પાક પલળી જવાની ભીતિને કારણે ખેડૂતો ચિંતિત બન્યા છે. આમ, આ કવખતના વરસાદે સામાન્ય જનતાને ગરમીથી રાહત આપી છે, તો બીજી તરફ જગતના તાતની ચિંતા વધારી દીધી છે.

કડોદમાં ભારે પવન સાથે છ એમએમ વરસાદ નોંધાયો હતો. કેરી સહિતના પાકને ઉતારવા માટે સવારથી જ ખેડૂતોએ મહેનત કરવી પડી હતી. બીજી તરફ ડાંગરના પૂડિયાને પણ વરસાદને કારણે નુકસાન થયું હતું.

બારડોલીના બમરોલીમાં અચાનક વરસાદ આવતાં અજીતસિંહ નટવરસિંહ બારસડિયાનો પરિવાર જાગી ગયો હતો અને મોડી રાતે જ ગામમાંથી મજૂર બોલાવી ડાંગરને બચાવવાની કોશિશ કરી હતી. જેમાં 50 ટકા ડાંગર બચી ગયું હતું. તો 50 ટકા ડાંગરને નુકસાન થયું હતું. પશુઓ માટેના પૂડિયા પણ પલળી ગયા હતા.

કામરેજ તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી લોકો અસહ્ય ગરમી અને ઉકળાટથી ભારે પરેશાન હતા. દરમિયાન મંગળવારે વહેલી સવારે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને તાલુકાના વિવિધ વિસ્તારોમાં વરસાદ તૂટી પડ્યો હતો. આ વરસાદના આગમનને પગલે વાતાવરણમાં ત્વરિત ઠંડક પ્રસરી ગઈ હતી અને લોકોને ગરમીથી મોટી રાહત મળી હતી.

## વાડી ગામમાં વાવાઝોડાને કારણે પતરાં ઊડ્યાં, તંત્રનો સરવે

વાંકલ: ઉમરપાડા તાલુકામાં હવામાનમાં અચાનક આવેલા પલટા અને તેજ પવન સાથે ખાબકેલા વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં મોટું નુકસાન થયું છે. ધારાસભ્ય અને માજી મંત્રી ગણપતસિંહ વસાવાના હોમ ટાઉન એવા વાડી ગામના કેલીકૂવા ફળિયામાં કુદરતનો પ્રકોપ જોવા મળ્યો હતો, જ્યાં વીજળીના કડાકા અને તીવ્ર પવન સાથે આવેલા વરસાદે ભારે તારાજી સર્જી છે. અચાનક ફુંકાયેલા તેજ પવનના કારણે છગનભાઇ વસાવાના મકાનનાં પતરાં ઊડતાં અંદાજે રૂ.19,800 અને જનુબેન વસાવાના મકાનને રૂ.2,310નું નુકસાન થયું છે. આ ઉપરાંત છીતુભાઇ વસાવાનો પશુઓનો આખો શેડ જમીનદોસ્ત થતાં રૂ.21,420નું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આમ, પ્રાથમિક આંકલન મુજબ કુલ રૂ.43,600ની નુકસાની સામે આવી છે. ઘટનાની જાણ થતાં જ વાડી ગામના સરપંચ, તાલુકા પંચાયત પ્રમુખ અને તલાટી કમ મંત્રીએ અસરગ્રસ્ત વિસ્તારની રૂબરૂ મુલાકાત લઈ સ્થળ પર જ નુકસાનીનો સરવે શરૂ કર્યો હતો. આ આફતથી મુશ્કેલીમાં મુકાયેલા ગરીબ પરિવારો હવે ઝડપી સહાયની આશા રાખી રહ્યા છે.

# મહુવા-અંબિકા પંથકમાં વાવાઝોડા સાથે વરસાદ: ઘરોનાં પતરાં ઊડ્યાં

**અનેક** જગ્યાએ વૃક્ષો ધરાશાયી, ખેતીને પણ ભારે ફટકો

અનાવલ: દક્ષિણ ગુજરાતમાં અચાનક બદલાયેલા વાતાવરણ વચ્ચે મહુવા અને અંબિકા તાલુકામાં વાવાઝોડા સાથે પડેલા વરસાદે જનજીવન અને ખેતી બંનેને અસર કરી છે. અનેક વિસ્તારોમાં તેજ પવનના કારણે વૃક્ષો તૂટી પડવાના બનાવો નોંધાયા હતા, જ્યારે કેટલાંક ગામોમાં રહેણાંક મકાનોને પણ નુકસાન થયું છે.

### કેરીના પાક પર બેવડો માર

હજુ અનેક આંબાવાડીમાં કેરી ઉતારવાની કામગીરી બાકી હતી. ત્યારે આવેલા વાવાઝોડાએ કેરીના પાકને મોટું નુકસાન પહોંચાડ્યું છે. જોરદાર પવનના કારણે મોટી સંખ્યામાં કેરી જમીન પર ખરી પડી હતી. બીજી તરફ બજારમાં અચાનક કેરીની આવક વધતાં ભાવોમાં પણ ઘટાડો નોંધાયો છે. પરિણામે ખેડૂતોને ઉત્પાદન અને ભાવ બંને મોરચે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

અંબિકા તાલુકાના ઉમરા ગામમાં વાવાઝોડાના જોરદાર પવનથી અનેક ઘરોનાં પતરાં ઊડી ગયાં હતાં. બીજી તરફ વલવાડા હાઈસ્કૂલનાં પતરાંનો શેડ તૂટી પડતાં શાળાની મિલકતને નુકસાન પહોંચ્યું હતું. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

અંબિકાના ઉમરા, વલવાડા સહિતનાં ગામોમાં ઘરનાં પતરાં ઊડતાં જ ગ્રામ પંચાયતને જાણ કરવામાં આવતાં નુકસાનીનો સરવે કરવામાં આવી રહ્યો છે અને તે બાબતે અસરગ્રસ્તોને સહાયની કામગીરીની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# તાપી જિલ્લામાં વ્યારા અને વાલોડમાં 1-1 ઇંચ વરસાદ

**ગાજવીજ** સાથે વરસાદ તૂટી પડતાં ડાંગરનો પાક લેનારા ખેડૂતો ચિંતિત

વ્યારા, વાલોડઃ તાપી જિલ્લામાં જૂન મહિનાની શરૂઆતમાં જ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. ગતરોજ મધ્ય રાત્રિએ ૨થી ૪ વાગ્યાના અરસામાં ભારે પવન, વાવાઝોડા અને ગાજવીજ સાથે અણધાર્યો વરસાદ તૂટી પડ્યો હતો. આ મિની વાવાઝોડાને કારણે સાવચેતીના ભાગરૂપે અનેક વિસ્તારોમાં વીજ સપ્લાય બંધ કરાતાં અડધી રાતે વીજળી ડૂલ થઈ ગઈ હતી. માત્ર બે કલાકમાં જિલ્લામાં સૌથી વધુ વાલોડમાં ૧.૨૪ ઇંચ અને વ્યારામાં ૧.૧૬ ઇંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત ડોલવણમાં ૦.૭૬ ઇંચ, સોનગઢમાં ૦.૨ ઇંચ અને ઉકાઈમાં ૩ એમએમ વરસાદ પડ્યો હતો, જ્યારે નિઝર, ઉચ્છલ અને કુકરમુંડામાં નહીંવત વરસાદ રહ્યો હતો. વરસાદને કારણે ઉનાળુ ડાંગરના તૈયાર પાકને તેમજ પશુપાલકોના સૂકા ઘાસચારાને નુકસાન થયું હતું.

વાલોડ તાલુકામાં મધ્ય રાત્રે 2 વાગ્યાની આસપાસ લોકો ભર નિદ્રામાં હતા. ત્યારે જોરદાર પવનના સુસવાટા અને ગાજવીજ સાથે વરસાદ પડતાં રસ્તા ઉપર પણ પાણી પાણી થઇ ગયું હતું. તો કેટલીક જગ્યાએ વૃક્ષો પણ ધરાશાયી થયાં હતાં. વાલોડ, બુહારી, બાજીપુરા સહિતના વિસ્તારોના ડાંગરનો પાક લેતા ખેડૂતોની વરસાદે ચિંતા વધારી દીધી હતી.

### ઓલપાડનાં અડધા ડઝન ગામોમાં વરસાદી તાંડવ

કીમ: ઓલપાડ તાલુકાના કીમ, કીમામલી, કઠોદરા, કુડસદ, વડોલી અને મૂળદ સહિતના વિસ્તારોમાં રાત્રે કમોસમી વરસાદથી ગરમીમાં રાહત થઈ હતી, પરંતુ ખેડૂતો માટે તે આફત બનીને આવ્યો છે. અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. હાલમાં ઉનાળુ ડાંગર, મગ અને તલનો પાક કાપણીના તબક્કામાં છે. કમોસમી વરસાદને કારણે ખેતરોમાં ઊભો પાક આડો પડી ગયો છે, જ્યારે કેટલાક ખેડૂતોનો કાપેલો પાક પાણીમાં પલળી ગયો છે. કીમ-ઓલપાડ સ્ટેટ હાઇવે પર સૂકવવા મૂકેલું ડાંગર મોટા ભાગના ખેડૂતોએ અગાઉથી હટાવી લીધું હતું, પરંતુ ખુલ્લામાં રહી ગયેલું ડાંગર પલળી જતાં મોટું નુકસાન થયું છે. વડોલીના ખેડૂત શાંતિલાલ પટેલે જણાવ્યું હતું કે, વરસાદી પાણીમાં પલળેલું ડાંગર ગુણવત્તા ગુમાવે છે, જેના કારણે બજારમાં યોગ્ય ભાવ મળતા નથી. જે ખેડૂતોએ સમયસર પાક મંડળીઓમાં પહોંચાડી દીધો હતો તેમને રાહત છે, જ્યારે બાકીના જગતના તાત માટે આ વરસાદ પડતા પર પાટુ સમાન સાબિત થયો છે.




# કીમ ચાર રસ્તાના ફિરદોશ શોપિંગ સેન્ટરમાં ઘૂંટણસમા પાણી ભરાયા

**નવો** બનાવેલો રોડ ઊંચો અને પાણીનો નિકાલ અટકતાં શોપિંગ સેન્ટરમાં પાણી ઘૂસ્યા


હથોડાઃ ગત રાત્રે પવનના સુસવાટા સાથે પધારેલા ચોમાસાના પ્રથમ વરસાદે જ કીમ ચાર રસ્તા ખાતે સરકારી તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરીના નસકોરા બોલાવી દીધા છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા કીમ-માંડવી રોડની ઊંચાઈ વધુ હોવાને કારણે અને આસપાસના વિસ્તારનું લેવલ તદ્દન નીચું હોવાથી, સામાન્ય વરસાદમાં જ ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. જેને પગલે સ્થાનિક રહીશો અને વેપારીઓમાં તંત્ર સામે ભારે નારાજગી અને આક્રોશ વ્યાપી ગયો છે.

સ્થાનિકોના આક્ષેપ અનુસાર જવાબદાર કોન્ટ્રાક્ટર અને ઉચ્ચ અધિકારીઓએ પાણીના નિકાલ માટેની ગટરોનું યોગ્ય કામકાજ કર્યું નથી. ચોમાસું માથે આવ્યું ત્યાં સુધી પી.ડબલ્યૂ.ડી. અને હાઈવે એજન્સીએ અકળ મૌન સેવી રાખી ગટરોની સાફસફાઈ ન કરાવી, જેના કારણે પ્રથમ વરસાદમાં જ મોટી રામાયણ સર્જાઈ છે. **સામાન્ય વરસાદમાં જ કીમ ચાર રસ્તાના ફિરદોશ શોપિંગ સેન્ટરમાં ઘૂંટણસમા પાણી ભરાયા હતા.**

લોકોનું કહેવું છે કે જો સામાન્ય વરસાદમાં આ સ્થિતિ હોય, તો આગામી ચાર મહિના કેવા જશે? કીમ ચાર રસ્તા સર્કલની આસપાસની સોસાયટીઓ અને શોપિંગ સેન્ટરો નીચાણમાં હોવાથી જો વરસાદી પાણીના નિકાલની તાકીદે વ્યવસ્થા નહીં કરાય, તો આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ વણસશે તેવી દહેશત છે. સ્થાનિક જનતાની ઉગ્ર માંગ છે કે જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાંથી જાગી, પરિસ્થિતિનો તાગ મેળવીને યુદ્ધના ધોરણે યોગ્ય કાર્યવાહી કરે.

# ભરૂચ-અંકલેશ્વરમાં વરસાદથી ખાનાખરાબી: ટ્રાફિકમાં અવરોધ

**ભરૂચમાં** સવા ઈંચ પાણી પડ્યું, કસક ગરનાળા પાસે પાણી ભરાઈ ગયું



ભરૂચ, અંકલેશ્વરઃ ભરૂચ શહેર અને તાલુકામાં 29 મીલીમીટર (સવા ઈંચ), દરિયાઈ પટ્ટી ગણાતા હાંસોટમાં આશરે 1 ઈંચ અને અંકલેશ્વરમાં 7 મિલીમીટર વરસાદ નોંધાયો હતો. આ વરસાદ મોડી રાત્રિથી વહેલી સવાર સુધી ચાલુ રહ્યો હતો, જેણે વાતાવરણમાં ઠંડક પ્રસરાવી હતી. જૂન મહિનાના આરંભમાં આ અચાનક આવેલા વરસાદે હાંસોટ પંથકના ખેડૂતોને મોટો ફટકો માર્યો છે. ખેતરમાં ભેજ વધુ હોવાના કારણે ખેડૂતોએ ડાંગરનો પાક રસ્તા પર સૂકવવા માટે પાથર્યો હતો, જે રાત્રિના વરસાદમાં પલળી ગયો હતો. આમ, ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળ્યું છે. હવે પલળેલા ડાંગરને ફરી બોરિયામાં ભરી અન્ય સ્થળે લઈ જઈ સૂકવવાની ફરજ પડી છે. કસક ગરનાળા પાસે પાણી ભરાઈ ગયું હતું, જ્યારે વરસાદ સાથે તેજ પવન ફુંકાતા કેટલાક વિસ્તારોમાં વૃક્ષો અને તેની ડાળીઓ તૂટી પડી હતી. અંકલેશ્વરના દીવા રોડ પર આવેલા જલારામ મંદિર નજીક એક વૃક્ષ તૂટી પડતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. વૃક્ષ માર્ગ પર પડી જતાં થોડા સમય માટે ટ્રાફિક અવરોધાયો હતો.

### શ્રવણ ચોકડીથી ગેલ કોલોની સુધી કીચડનું સામ્રાજ્ય, જનઆક્રોશ



ભરૂચઃ ભરૂચના નંદેલાવ અને ઉમરાજ ગ્રા.પં.ની હદમાં આવેલા શ્રવણ ચોકડીથી ગેલ કોલોની સુધીના મુખ્ય માર્ગ પર ગટર લાઇન અને રોડની કામગીરીની મંદગતિને કારણે અત્યંત કાદવ-કીચડ થયો હતો. આ વિસ્તારમાં અનેક સોસાયટીઓ, એપાર્ટમેન્ટ્સ અને શોપિંગ સેન્ટર્સ આવેલાં હોવાથી સ્થાનિકો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક રહીશ પરીક્ષિત મિસ્ત્રીએ જણાવ્યું કે.કામ શરૂ થયા બાદ છેલ્લા બે મહિનાથી વહીવટી તંત્રની બેદરકારીને કારણે કામ અધૂરું લટકી રહ્યું છે. તાજેતરના સામાન્ય વરસાદથી રસ્તા પર પડેલી માટી ધોવાઈ જતાં કાદવ અને લપસણા રોડ પર દરરોજ મહિલાઓ અને ટુ-વ્હીલર ચાલકો સહિત અનેક વાહનચાલકો સ્લિપ થઈને પડી રહ્યા છે. પ્રતિબંધ હોવા છતાં બિલ્ડરોની ભારે ગાડીઓ પણ આ માર્ગ પર પસાર થઈ રહી છે. તંત્રની લાપરવાહીથી નારાજ સ્થાનિકોમાં રોષ ફાટી નીકળતાં ગ્રામ પંચાયતના સરપંચ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ચુંટાયેલા સભ્યો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક રહીશોએ ચેતવણી આપી છે કે જો તંત્ર આ માર્ગનું કામ તાકીદે પૂરું નહીં કરે તો 'રસ્તા રોકો આંદોલન' કરવામાં આવશે.



# સાયણમાં ગટરના કામની નજીવા વરસાદે પોલ ખોલી

સાયણઃ ઓલપાડના સાયણ ટાઉનમાં મધ્ય રાત્રિએ પડેલા માત્ર ૧૦ એમ.એમ. જેટલા નજીવા વરસાદે સરકારી તંત્રની પ્રિ-મોન્સુન કામગીરીની પોલ ખોલી નાંખી છે. છેલ્લા છ મહિનાથી સાયણ-સિવાણ ફોરલેન, બોક્સ ગટર અને સર્વિસ રોડની કામગીરી કાચબા ગતિએ ચાલતી હોવાથી ટાઉનના મુખ્ય માર્ગો અને ઓવરબ્રિજની આજુબાજુ પાણી ભરાઈ ગયા હતા.

કાદવ-કીચડ અને ટ્રાફિક જામના કારણે વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે, જ્યારે સ્થાનિક વેપારીઓના ધંધા-રોજગારને મોટું નુકસાન થતાં નારાજગી વ્યાપી છે. વધુમાં નજીવા પવન સાથે વીજળી ગૂલ થતાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કામગીરી પણ છતી થઈ છે.

આ કમોસમી માહોલથી ખેડૂતોને પડતા પર પાટુ જેવી સ્થિતિ થઈ છે. જ્યારે તાલુકાના ૯૦ ટકાથી વધુ ખેડૂતોએ ઉનાળુ ડાંગરની કાંપણી પૂર્ણ કરી ડાંગરની ગુણીઓ વેપારીને વેચી દીધી અથવા સહકારી મંડળીઓમાં જમા કરાવી રાહતનો દમ લીધો હતો. પરંતુ ખેતરોમાં સૂકવવા મૂકેલા ઉનાળુ તલના પૂરિયા ભીંજાઈ જતાં ભારે નુકસાન થયું છે. આ ઉપરાંત, ડાંગરની બાકી રહેલી બરખીઓ (ઘાસચારો) પલળી જતાં પશુધનના મોંનો કોળિયો છીનવાયો છે.

**મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ**
Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસ : યુનિટ નંબર 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ નજીક, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

**કબજા નોટિસ** (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાતા પરિશિષ્ટ IV મુજબ)
જ્યારે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (2002નો 54) હેઠળ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાતી કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે દર્શાવેલ દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ)ને સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં દર્શાવેલી રકમ ચૂકવી દેવા માટે માંગણી નોટિસ(ઓ) જાહેર કરવામાં આવી હતી. દેવાદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી, દેવાદાર(ઓ)/સહ-દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 8 સાથે વંચાતી સદર અધિનિયમની કલમ 13(4) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અહીં નીચે દર્શાવેલ રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.
દેવાદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો (મિલકતો) મુક્ત કરાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, અધિનિયમની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

| ક્રમ | દેવાદાર(ઓ)/સહ-દેવાદાર(ઓ)/ લોન એકાઉન્ટ નં./ શાખાનું નામ | સુરક્ષિત અસ્કયામતો (મિલકતો) ની ટૂંકી વિગત | માંગણી નોટિસની તારીખ અને કુલ બાકી નીકળતી રકમ (રૂપિયા) | કબ્જો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | અમિતકુમાર અશોક રાજપૂત/ જાગૃતિ અમિત રાજપૂત/ 004-00401196/ સુરત | સ્થાવર મિલકતોઃ બી-402 અક્ષર પેલેસ પ્લાઝા સોસાયટી, પલસાણા ગામ નજીક, પલસાણા, સુરત, સુરત, ગુજરાત- 394315. સબ રજિસ્ટ્રાર પલસાણાની કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ રજિસ્ટર્ડ નં. 12250 તારીખ 01-09-2017માં વધુ વિગતવાર દર્શાવેલ છે. જેની સીમાઓઃ- ઉત્તરઃ ઓ.ટી.એસ, દક્ષિણઃ પેસેજ, પૂર્વઃ ફ્લેટ નં. 402, પશ્ચિમઃ દાદર | 10-સપ્ટેમ્બર-2019/ રૂ. 8,74,930/- રૂપિયા આઠ લાખ ચુંમોતેર હજાર નવસો ત્રીસ પૂરા. | 31-05-2026 |
| 2. | અખિલેશરાઈ મહેશરાઈ ભૂમિહાર/ રિકુદેવી અખિલેશ ભૂમિહાર/ 004-00000810/ સુરત | ફ્લેટ નં 202 બિલ્ડિંગનું નામ અને નં કુમકુમ રેસીડેન્સી સર્વે નં બ્લોક નં. 2,4,5,11/A,12,13/A,14,15,16,39,40/A,41,42,43,156,323/A,325,326 સ્થળ પલસાણા લેન્ડમાર્ક સોની પાર્ક હાઉ. સોસાયટી-2 ગામનું નામ તાંતીથૈયા જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પિનકોડ- 394315 ઉત્તર- ફ્લેટ નં. 201, દક્ષિણ- અન્ય પ્લોટ, પૂર્વ- અન્ય મિલકત, પશ્ચિમ- ફ્લેટ નં. 203 | 14-એપ્રિલ-2025/ રૂ. 4,37,318/- રૂપિયા ચાર લાખ સાડત્રીસ હજાર ત્રણસો અઢાર પૂરા. | 31-05-2026 |
| 3. | કલ્લુ દિલીપસિંહ રાજપૂત/ રીનાબેન કલ્લુભાઈ રાજપૂત/ 004-00404007/ સુરત | ફ્લેટ નં. A 105, પહેલો માળ, સત્યમ રેસીડેન્સી- A, સાહિબા મીલની સામે, ઓફ. સુરત- બારડોલી હાઇવે, જોલ્વા, પલસાણા, સુરત, ગુજરાત સર્વે નં. R.S. નં. 159/2/A/, 159/2/B, બ્લોક નં.: 183, 184, પ્લોટ નં. 17,18,19 લેન્ડમાર્ક સાહિબા મીલની સામે, જોલ્વા રોડ નજીક જિલ્લો સુરત, રાજ્ય ગુજરાત પિનકોડ- 394310 દિશાઓ ઉત્તર- રોડ, દક્ષિણ- અડીને આવેલ બિલ્ડિંગ, પૂર્વ- અડીને આવેલ પ્લોટ, પશ્ચિમ- સોસાયટી માર્જિન | 20-મે-2025/ રૂ. 4,76,395/- રૂપિયા ચાર લાખ છોતેર હજાર ત્રણસો પંચાણું પૂરા. | 31-05-2026 |
| 4. | યુવરાજભાઈ સાહેબરાવ શિંદે/ ઉષાબેન યુવરાજભાઈ શિંદે/ 004-00404221/ સુરત | ફ્લેટ નં. A-303, બીજો માળ, રાધે રેસીડેન્સી- A, સાઈ વાટિકા રો હાઉસ વિભાગ-2, ઓફ-સુરત બારડોલી હાઇવે, બગુમરા, પલસાણા, સુરત સર્વે નં. R.S.- 209, બ્લોક નં. 273 લેન્ડમાર્ક સાઈ વાટિકા રો હાઉસ વિભાગ- 2 જિલ્લો સુરત રાજ્ય ગુજરાત પિનકોડ-394327 દિશાઓ ઉત્તર- ખુલ્લો પ્લોટ, દક્ષિણ- સોસાયટી રોડ, પૂર્વ- સોસાયટી રોડ, પશ્ચિમ- સોસાયટી રોડ | 20-મે-2025/ રૂ. 6,07,929/- રૂપિયા છ લાખ સાત હજાર નવસો ઓગણત્રીસ પૂરા. | 31-05-2026 |

તારીખઃ 03 જૂન, 2026, સ્થળઃ સુરત
સહી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ

**વાપી મહાનગરપાલિકા- વાપી**
૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ
(જાહેર નોટીસ)
(ટાઉન પ્લાનીંગ અને એસ્ટેટ વિભાગ)

**હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી શરૂ કરતા અગાઉ તથા દૂર કરવાની કામગીરી દરમિયાન જાહેર સલામતી સંબંધે જાહેર નોટિસ.**

ના. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા પત્ર ક્રમાંક : KV-01 OF 2025-UDUHD/COC/E-file/18/204/6138/P Section Dt. 01/01/2025 થી વાપીનગરપાલિકા તેમજ મોજે બલિઠા, ચણોદ, છીરી, છરવાડા, નામધા, કરવડ, સલવાવ, મોરાઈ, વટાર, કુંતા, ચંડોર, તરકપારડી સમાવેશ કરી વાપી મહાનગરપાલિકાની સ્થાપના કરવામાં આવેલ છે. આથી વાપી મહાનગરપાલિકા વિસ્તારોમાં નીચે જણાવેલ સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

- હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી શરૂ કરવાના સાત (૦૭) દિવસ પહેલા વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં ટાઉનપ્લાનિંગ અને એસ્ટેટ ખાતામાં તેમજ ટેક્ષ શાખામાં દૂર કરવાના બાંધકામનો ફોટોગ્રાફ્સ સહિત ફ્લોર, ઉપયોગ વિગેરે વિગતો સહિત લેખિત જાણ કરવાની રહેશે.
- હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી ટેકનિકલ વ્યક્તિ (રજીસ્ટર્ડ એન્જિનિયર/આર્કિટેક્ટ/ક્લાર્ક એક વર્ક્સ/સ્ટ્રક્ચર એન્જિનિયર) ની નિમણૂંક કરી તેમના માર્ગદર્શન હેઠળ કરવાની રહેશે, તથા કામ કરતા વ્યક્તિઓ/મજૂરો તથા આજુબાજુની મિલકતો જાહેર જનતાની સલામતી માટે જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.
- ડીમોલીશનની કામગીરી શરૂ કરતા પહેલા તથા ડીમોલીશન દરમિયાન પ્લોટની દરેક બાજુએ દૂર કરવાના બાંધકામની સાપેક્ષમાં પર્યાપ્ત ઊંચાઈ સુધીની પતરાની વાડ (બેરીકેડ/પડદા/વિન્ડશિલ્ડ) તથા બહુમાળી બિલ્ડીંગમાં ઉપરના માળના બાંધકામને દૂર કરવાની કામગીરી સમયે ચારે બાજુ નેટ સેફ્ટીનું પ્રોવિઝન સલામતીના જળવાઈ રહે તે હેતુસર કરવાની રહેશે. તથા આવી કામગીરી વખતે સંકળાયેલા તમામ વ્યક્તિઓ/મજૂરોને સેફ્ટી હેલ્મેટ, સેફ્ટી બૂટ, હેન્ડ ગ્લોઝ તથા અન્ય સાધનો (PPE) વિગેરે આવી કામગીરી કરાવતા માલિક/કોન્ટ્રાક્ટરો મારફતે પૂરાં પાડવાના રહેશે.
- જૂનું બાંધકામ દૂર (Demolish) કરતા જે કાટમાળ (Construction Debris), C&D Wasteનો નિકાલ જાહેર રસ્તાઓ ઉપર કરવાનો રહેશે નહીં અને C&D Waste નો નિયમોનુસાર નિકાલ કરવાનો રહેશે.
- હયાત બાંધકામ દૂર (Demolish) કરવાની કામગીરી દરમિયાન જાહેરમાર્ગો/અવર જવરના રસ્તા ઉપરના વાહન વ્યવહાર કે પગપાળા અવર-જવર કરતા રાહદારીઓને અડચણ ના થાય તેની પૂરતી કાળજી રાખવાની રહેશે.
- બાંધકામ ડીમોલીશનની કામગીરી શરૂ કરતા પહેલા અને ડીમોલીશનની કામગીરી અન્વયે ચેતવણી દર્શાવતા સાઇન બોર્ડ (Demolition Work in Progress), DANGER, CAUTION વિગેરે જાહેર રસ્તા ઉપરથી સહેલાઇથી જોઈ શકાય તે મુજબ મૂકવાના/લગાવવાના રહેશે.
- બેઝમેન્ટની ડીમોલીશનની કામગીરી દરમિયાન સલામતીને ધ્યાને લઈ યોગ્ય રીતે Shoring/Shuttering વિગેરે કરવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે.

ઉપરોક્ત જોગવાઈઓનું પાલન અજરદાર દ્વારા ન કરવામાં આવે તો તેવા કિસ્સામાં જી.પી.એમ.સી. એક્ટ-1949 ની કલમ-248(2) મુજબ કામ અટકાવી અજરદાર સામે કાનૂની કાર્યવાહી કરવા પોલીસ વિભાગને જાણ કરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામે ગંભીર નોંધ લેવી.

સ્થળઃ- વાપી
તારીખઃ-02/06/2026
નં. માહિતી/વલસાડ/૧૩૬/૨૦૨૬

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
વાપી મહાનગરપાલિકા-વાપી